# ચૂંટણી અધિકારી અને કલેક્ટર, દેવભૂમિ દ્વારકાની કચેરી


## જિલ્લા સેવા સદન, ધરમપુર–લાલપુર રોડ, ખંભાળીયા.

**ફોન નં.02833–232804 | ઈ–મેઈલ: dymam-rev-dwarka@gujarat.gov.in**


DBD/SEC/e-file/674/2026/1566/Rajya Chuntni Aayog

વિષય :– સ્થાનિક સ્વરાજ્યના એકમોની સામાન્ય/મધયસત્ર/પેટા ચૂંટણી–૨૦૨૬ ફોર્મ છાપકામ પુરી પાડવાનું કામ મંજુર કરવા બાબત.

વંચાણે લીધા:– (૧) કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકાના તા.૧૮/૦૩/૨૦૨૬ ના હુકમ ક્રમાંક : DBD/0903/02/2026

(૨) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૦૭/૦૧/૨૦૨૬ ના પત્ર ક્રમાંક :–રાચઆ–ચટણ–ટીડીપી–૩૪(૨)–૦૧૨૦૨૬–૬/૬૦૮ થી ૬૬૧

(૩) અત્રેના હુકમ No.DBD/0224/02/2026, Date. 07/02/2026 થી ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની રચના

(૪) ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની કાર્યવાહી નોંધ નં.રાચૂંઆ/ GeM/ ટેન્ડર કાર્યવાહી નોંધ/૯૨/૨૬, તા.૦૯/૦૨/૨૦૨૬

(૫) સરકારી ઈ–માર્કેટ પ્લેસ (GEM) પોર્ટસ પર GeM બિડ આઈડી નંબર :– GEM / 2026 /B/7220194, તા.૧૦/૦૨/૨૦૨૬

(૬) ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની કાર્યવાહી નોંધ નં.રાચૂંઆ/ટેન્ડર કાર્યવાહી નોંધ / ૫૩ / ૨૬, તા.૦૫/૦૩/૨૦૨૬

(૭) ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની કાર્યવાહી નોંધ નં.રાચૂંઆ/ટેન્ડર કાર્યવાહી નોંધ / ૧૦૩ / ૨૬ , તા.૧૦/૦૩/૨૦૨૬

(૮) ખાતાકિય ખરીદ સમિતી (DPC) ની કાર્યવાહી નોંધ નં.રાચૂંઆ/DPC/કાર્યવાહી નોંધ/૧૮૩/૨૬, તા.૧૮/૦૩/૨૦૨૬

## –//હુકમ//–

સચિવશ્રી , રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના વંચાણે લીધા–(૨) થી આગામી સ્થાનિક સ્વરાજ્યના એકમોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી–૨૦૨૬ ના સંચાલન માટે જરૂરી વસ્તુ/સેવાની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયા રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિ–૨૦૨૪ અનુસાર માત્ર GeM (Government e-Market Place) મારફત જ કરવા તેમજ આ પ્રક્રિયા માટે સરકારશ્રીના નિયમો મુજબ નાણાકીય મર્યાદા અનુસાર સક્ષમ ખરીદ સમિતિની મંજુરી મેળવવા સૂચના થઈ આવેલ છે.

આગામી સ્થાનિક સ્વરાજ્યના એકમોની સામાન્ય/મધયસત્ર/પેટા ચૂંટણી–૨૦૨૬ ના સંચાલન માટે ફોર્મ છાપકામની જરૂરીયાત રહે છે. તે હેતુ માટે વંચાણે લીધા–(૪) થી ખરીદિ સમિતિ/ખર્ચ સમિતિની તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ યોજાયેલ બેઠકમાં ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરીના ટેન્ડર માટે સ્પેસીફીકેશન અને શરતો નક્કી કરવામાં આવેલ. જે ધ્યાને લઈ અત્રેથી વંચાણે લીધા–(૫) થી GeM (Government e-Market Place) પોર્ટલ પર ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરી માટે આ કામ માટે રસ ધરાવતા ઇસમો/એજન્સીઓ પાસેથી GeM (Government e-Market Place) પોર્ટલ મારફત જરૂરી શરતોને આધીન ભાવો મંગાવવામાં આવેલ.

ત્યાર બાદ વંચાણે લીધા– (૬) અને (૭) થી યોજાયેલ ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવેલ બીડસ માન્ય/અમાન્ય કરી, ફાયનાન્સીયલ બીડ ઓપન કરવા અને L1 રન કરવા સમિતિના તમામ સભ્ય દ્વારા સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ. જે પ્રક્રિયાના અંતે Government e-Market Place (GeM) પોર્ટલ પર સીસ્ટમ જનરેટેડ L-I તરીકે એકતા ઓફસેટ પ્રા.લી., નડીઆદ –એજન્સી આવેલ છે.

ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરીના ટેન્ડરના ભાવો કલેકટરશ્રી , દેવભૂમિ દ્વારકાના વંચાણે લીધા-(૧)ના હુકમ મુજબ ખાતાકિય ખરીદ સમિતી (DPC)ની મંજુરી મેળવવાની થાય છે. વંચાણે લીધા- (૮) થી તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ યોજાયેલ ખાતાકિય ખરીદ સમિતી (DPC) બેઠકમાં Government e-Market Place (GeM) પોર્ટલ પર સીસ્ટમ જનરેટેડ L-1 તરીકે આવેલ એજન્સી- એકતા ઓફસેટ પ્રા.લી., નડીઆદના ભાવો મંજુર કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ.

આથી , ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા, ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરી માટે એકતા ઓફસેટ પ્રા.લી., નડીઆદ તરફથી આ સહ સામેલ પરિશિષ્ટ- (અ) મુજબના ભાવો ટેન્ડર ફોર્મની શરતો તેમજ નીચે મુજબની વધારાની શરતોને આધીન રહીને મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. એજન્સી તેમજ આ કામગીરી માટે રોકવામાં આવેલ વ્યકિત કોઇપણ પક્ષના સભ્ય અથવા હોદેદારો કે પક્ષ સાથે કોઇપણ પ્રકારે જોડાણ અથવા હિતસંબંધ ધરાવતા ન હોવા જોઇએ તેમજ કોઇપણ રાજકીય પક્ષ કે ચૂંટણી લડતા ઉમેદવાર સાથે હિતસંબંધ ધરાવનાર હોવા જોઇએ નહિ કે તેના સમર્થકનું કોઇપણ પ્રકારનું આતિથ્ય સ્વીકારી શકશે નહિં.

૨. ટેન્ડરની શરત અનુસાર આપશ્રીએ નિયત નમૂનામાં કરારખત તથા રૂા.૩૫,૦૦૦/-(અંકે રૂપિયા પાત્રીસ હજાર પુરા)સ્સ ની રકમ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ પરીકે ''ટીડીઆર/એફડી'' સ્વરૂપે જમા કરાવવાની રહેશે. આ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટની રકમ '' જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકા'' ના ફેવરમાં ''ટીડીઆર/એફડી'' ખંભાળીયા ખાતે ચુકવણી પાત્ર આ પત્ર મળ્યેથી દિવસ-૭ માં રજુ કરવાનો રહેશે. સાત દિવસ બાદ કરારખત(મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ને તે નિયમ હેઠળ) પરફોર્મન્સ ડીપોઝીટ સાથે કરવામાં નહી આવે તો પછીના સાત દિવસ સુધીના સમય માટે પ્રતિદિન માટે રૂા.૧૦૦૦/- લેખે દંડ વસુલ કરવામાં આવશે. તેમ છતાં આપના તરફથી સમયમર્યાદામાં જરૂરી પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમૂનામાં કરારખત નહી કરવામાં આવે તો આપશ્રીની ટેન્ડર ડીપોઝીટ(અર્નેસ્ટ મની ડીપોઝીટ) જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે અને આપશ્રીના ખર્ચે અને જોખમે કામગીરી અન્ય ટેન્ડરર પાસેથી કરાવવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

નોંધ : ''ટીડીઆર/એફડી''એટલા માટે લખવામાં આવે છે કે ઘણી બેંક ટીડીઆરને એફડી તરીકે ઓળખે છે. પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ, ટર્મ ડીપોઝીટ રસીપ્ટના સ્વરૂપમાં એટલા માટે લેવામાં આવે છે કે ચેક/ડીડી ની વેલીડીટી ફકત ત્રણ માસથી વધુ હોતી નથી. આ કામગીરીમાં ૬ માસ જેટલો સમય હોય જેથી નવા ચેક/ડીડી રીન્યુ કરવા / નવા કઢાવવાનો પ્રશ્ન રહે નહી તે માટે આ નિર્ણય લેવામાં આવેલ છે. જે આપની જાણ માટે.

જો આ સમયમર્યાદામાં એજન્સી દ્વારા કરારખત કરવામાં ચૂક કરવામાં આવશે તો એજન્સી દ્વારા રજુ થયેલ બીડ અંગેની અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ આવા બીડરને કાળીયાદીમાં સમાવિષ્ટ કરી ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે. કોઇ સંજોગોમાં એલ-૧ આવેલ એજન્સી કામગીરી કરવા સંમત ન હોય, તો તેવા સંજોગોમાં એલ-૧ એજન્સીના ખર્ચે અને જોખમે કામગીરી પૂર્ણ કરાવવામાં આવશે. એટલે કે આ કામગીરી માટે જે કાંઈ રકમ બીડ મંજુર કરનાર દ્વારા ચુકવવાની થશે, તે એલ-૧ એજન્સી પાસેથી તફાવત / નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. જે વસુલાત જમીન મહેસુલની બાકી તરીકે પણ ગણી શકાશે.

૩. બીડમાં આપેલ ભાવો બીડ ખોલ્યાની તારીખથી એક વર્ષ સુધી અમલી ગણાશે અને આ સમય દરમ્યાન એજન્સી તેમના ભાવો પાછા ખેંચી શકશે નહીં. સમયના અર્થઘટન અંગે ઈન્ડીયન લીમીટેશન એકટની જોગવાઈઓ લાગુ પડશે.

૪. મંજુર થયેલ ભાવ, બીડ મંજુરીના હુકમથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. તેમજ બીડ મંજુર કરનાર વધુ એક વર્ષ સુધી લંબાવી શકશે. આ પ્રમાણે મુદત લંબાવવામાં આવે તો તે સમય દરમ્યાનમાં પુરા પાડવાના જથ્થા-સેવા સંબંધી બજાર ભાવમાં વધારો થવાના કારણે વધુ ભાવની માંગણી કરી શકાશે નહી.

૫. બીડ અંગેના ઈજારાની મુદત પુરી થાય તે પહેલા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકા કોઇપણ કારણસર લેખિત નોટિસ આપી ઈજારો રદ કરી, એજન્સી સિવાય અન્યને આ કામગીરી સોંપી શકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હકક એજન્સીને રહેશે નહીં.

૬. બીડરે સારી ગુણવત્તાવાળી અને જ્યાં સ્પષ્ટ રીતે સ્પેશીફીકેશન જણાવેલ છે ત્યાં તે મુજબના સ્પેશીફીકેશન પ્રમાણેનીસ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટેના ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની સેવા પુરી પાડવાની રહેશે. આ બાબતમાં કોઈપણ ફરિયાદ ઉપસ્થિત થશે તો કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાનો નિર્ણય આખરી ગણાશે અને એજન્સીને બંધનકર્તા રહેશે.

૭. બીડ મંજુર કરનાર અથવા અધિકૃત અધિકારી દ્વારા જણાવેલી સેવાઓ/વસ્તુઓ કઈ તારીખે ઉપલબ્ધ કરવાની છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવી લેખીત ડીમાન્ડ નોટ–માંગણીપત્રક રજુ કર્યેથી સેવા/વસ્તુ પુરી પાડવાની રહેશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જે સ્થળે જણાવવામાં આવે તે સ્થળે સેવાઓ/વસ્તુઓ પુરી પાડવાની રહેશે. મૌખિક ઓર્ડર અન્વયે સેવાઓ/વસ્તુઓ પુરી પાડવાની રહેશે નહી. તાત્કાલીક જરૂરીયાતના સંદર્ભમાં મૌખિક રીતે સેવા/વસ્તુ પુરી પાડવા જણાવવામાં આવેલ હોય તો ત્યારબાદ તુર્ત જ લેખીત ડીમાન્ડ ઓર્ડર મેળવી લેવાનો રહેશે.

૮. કામગીરી /સેવા અંગેના દિવસો અથવા સામગ્રી/વસ્તુઓની સંખ્યામા ૨૫% વધઘટ થઈ શકશે અને તે વધઘટ કરેલ દિવસો અને જથ્થા આધારીત ચુકવણુ કરવામાં આવશે. આવા વધારા–ઘટાડા અંગે એજન્સી કોઈ હકક–દાવો–વાંધો લઈ શકશે નહી અને બીડ મંજુર કરનાર કે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તે પ્રમાણેનો જ જથ્થો પૂરો પાડવા એજન્સી બંધાયેલા રહેશે.

૯. ખાનગી પ્રેસોના માલિકો/મુદ્રકો/પેઢી/વેપારીઓ ગુજરાત રાજ્યમાં પ્રિન્ટીંગ પ્રેસ/ઓફસેટ/છાપકામ વિગેરે સહીતની મશીનરી ધરાવતા હોવા જોઈએ અને તેની નોંધણી અંગેના દસ્તાવેજની સ્વ–પ્રમાણિત નકલ GeM પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

૧૦. કવર ઉપરનું છાપકામ અત્રેની સુચના મુજબની સાઈઝમાં, અત્રેથી જણાવ્યા મુજબના સારી જાતના ખાખી કાગળના કવર ઉપર છાપકામ કરી આપવાનું રહેશે. અત્રેથી સુચના મુજબ છાપેલ ફોર્મને બુક સ્વરૂપે બુક બાઈડીંગ કરી આપવાનુ રહેશે.

૧૧. બિલ્લા અને સાઈન બોર્ડસ અત્રેની સુચના મુજબ કાર્ડ પેપર ઉપર છાપકામ કરવાનું રહેશે અને અત્રેથી જણાવવામાં આવે તે રીતે જુદા–જુદા કલર કાર્ડ પેપરમાં છાપકામ કરવાનું રહેશે.

૧૨. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની વખતોવખતની સૂચનાઓ ધ્યાને લઈ આ ટેન્ડર સિવાયના ફોર્મસ/પરબિડીયા છાપકામ તૈયાર કરવાના થાય તો આ ટેન્ડર મુજબ મંજુર થયેલ ભાવો મુજબ અન્ય ફોર્મસ/પરબિડીયા છાપકામ / તૈયાર કરી આપવાના રહેશે. ગુણવતા અંગેનો નિર્ણય કચેરીનો આખરી રહેશે.

૧૩. છાપકામ કરવામાં આવેલ ફ્લેક્ષ બેનર/ફોર્મસ/પરબીડીયા, બિલ્લા/સાઈન બોર્ડસ અત્રેથી આપવામાં આવતી સૂચના મુજબની સંખ્યામાં અલગ–અલગ બંડલમાં વ્યવસ્થિત પેકીંગ કરી આપવાના રહેશે. એજન્સીએ મંજુર થયેલ ભાવથી નિયત થયેલ માલ/જથ્થો નિયત ગુણવતાવાળો પુરા પાડવાનો રહેશે. આ ટેન્ડર મુજબના છાપવાના થતા ફોર્મસ માટેનો કાગળ "૫૪ જી.એસ.એમ."ની ગુણવતા વાળો તથા કવર માટેના "૮૦ ગ્રામ ક્રાફ્ટ પેપર" તેમજ અત્રેની સુચના મુજબના કલરનો ઉપયોગ કરવાનો રહેશે. ગુણવતા અંગેનો નિર્ણય કચેરીનો આખરી ગણાશે.

૧૪. વર્કઓર્ડર/ફાળવણી હુકમ મુજબની ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરી મેળવનાર વ્યકિત પાસેથી અધિકૃતિપત્ર/ઓથોરીટી લેટર (જે તે કર્મચારીના નામ, હોદ્દા અને કર્મચારીની સહીના નમુના સાથેનો) મેળવીને તથા જે તે ઓથોરીટી લેટરમાં દર્શાવેલ નમુના મુજબની સહી, ડીલીવરી ચલણમાં મેળવીને જથ્થો આપવાનો રહેશે તેમજ ડીલીવરી ચલણમાં જથ્થો મેળવનારની સ્પષ્ટ ઓળખ દર્શાવવાની રહેશે. બીલની સાથે ડીલીવરી ચલણની નકલ રજુ કરવાની રહેશે.

૧૫. વર્કઓર્ડર અન્વયે પુરી પાડવામાં આવેલ ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરી અંગે ડીમાન્ડ નોટ/માંગણીપત્રક વાર ડીલીવરી ચલેલ **ત્રણ નકલમાં** ઈસ્યુ કરવાના રહેશે. ડીલીવરી ચલણમાં ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરીની આઈટમ સ્પષ્ટ રીતે અલગ અલગ અને વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ક્રમ મુજબ દર્શાવવાની રહેશે. ડીલીવરી ચલણની **ત્રીજી નકલ** એજન્સીને **બીજી નકલ** ડીલીવરી મેળવનારને અને **પ્રથમ નકલ** બીડ મંજુર કરનારની કચેરીમાં પુરી પાડવાની રહેશે.

૧૬. બીડ મંજુર કરનાર અથવા નિવાસી અધિક કલેકટરશ્રી,દેવભૂમિ દ્વારકા અથવા તેઓ દ્વારા અધિકૃત કરેલ વ્યકિત / કર્મચારી તેઓના વર્કઓર્ડર અન્વયે પુરી પાડવાની ચીજવસ્તુઓનું નિરીક્ષણ કરી શકશે. બીડમાં દર્શાવ્યા મુજબના સ્પેશીફીકેશન મુજબની જ ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની સેવા પુરી પાડવાની રહશે. જો કોઈ તફાવત જણાશે તો તાત્કાલીક સામગ્રી બદલી આપવાની રહેશે. આ અંગે કોઈ વધારાનો ખર્ચ મળવાપાત્ર રહેશે નહીં.

૧૭. ડિમાન્ડ ઓર્ડર મળ્યેથી અત્રેથી જણાવવામાં આવેલ સમયમર્યાદામાં તમામ જથ્થો પુરો પાડવાનો રહેશે. વિલંબના પ્રસંગે કુલ બીલમાંથી દૈનીક ૧૦% લેખે પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૧૮. મતપત્રોના છાપકામ માટે મળેલ ભાવોને 'યુનિટ' ગણીને તુલનાત્મક પત્રક તૈયાર કરવામાં આવશે અને ચૂંટણીના મતપત્રોના છાપકામની કામગીરી સોંપવામાં કયાં મુદ્રક/મુદ્રકોને સોંપવી તે જીલ્લા કલેકટરશ્રી નકકી કરી શકશે.

૧૯. કુદરતી આફત, માનવ સર્જિત આફત, આગ, અકસ્માત કે કાબુ બહારના સંજોગોના કારણે એજન્સીના કોઈપણ જથ્થા / સામગ્રીને નુકશાન થશે તો તેની જવાબદારી બીડ મંજુર કરનારની રહેશે નહી.

૨૦. આ કામગીરી અંગે કોઈ અન્ય વ્યક્તિને પેટા કોન્ટ્રાકટ આપી કામગીરી સોંપી શકશે નહી.

૨૧. બીડ મંજુર કરનાર અથવા સક્ષમ અધિકારીશ્રીના વર્કઓર્ડર અન્વયે ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફ્લેક્ષ બેનર છાપકામની કામગીરી સમયસર પુરી પાડવામાં એજન્સી નિષ્ફળ જશે તો અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરી મેળવી શકાશે અને તે અંગે વધારાનો જે કાંઈ ખર્ચ થશે તે અંગેની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે તથા કામગીરીની નિષ્ફળતા અન્વયે ટેન્ડરની કુલ રકમના ૨૫ ટકા દંડ ભરવા અંગે એજન્સી જવાબદાર ગણાશે.

૨૨. બીડમાં જણાવેલી શરતો, બીડ મંજુર કરનારના હુકમમાં જણાવેલી શરતો કે બીડરે કરેલ કરારખતની કોઈપણ શરતોનો એજન્સી દ્વારા કે તેઓની વ્યવસ્થાના ભાગરૂપ કોઈપણ વ્યકિત દ્વારા ભંગ કરવામાં આવશે કે વર્કઓર્ડર મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં એજન્સી નિષ્ફળ જશે તો બીડ મંજુર કરનાર / અધિકૃત વર્કઓર્ડર આપનાર અધિકારીશ્રી દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરતા વધારાની ચુકવેલ રકમ અને દંડની રકમ બીડની સીકયોરીટી ડીપોઝીટમાંથી વસુલવામાં આવશે અને તેમ છતાં જો કોઇ રકમ વસુલવાની બાકી રહે તો તેટલી રકમ "જમીન મહેસુલની બાકી" તરીકે બીડ મંજુર કરનાર એજન્સી પાસેથી વસુલ કરી શકશે.

૨૩. એજન્સીને કામગીરીની સેવાઓ માટે મંજુર થયેલ ભાવને ધ્યાને લઈને ભાડુ ચુકવવાનું રહેશે તેમજ કામગીરીની ચકાસણી માટે અધિકૃત કરવામાં આવેલ અધિકારીને વર્ક ઓર્ડર મુજબની કામગીરી શરૂ કર્યા અંગેની જાણ તથા કામગીરી પૂર્ણ કર્યા અંગેની જાણ લેખિતમાં કર્યા અંગે એજન્સી જવાબદાર રહેશે.

૨૪. દરેક ડિમાન્ડ ઓર્ડર વાર અલગ અલગ બીલો અથવા એક જ બીલમાં એકથી વધુ ડિમાન્ડ ઓર્ડરનો સમાવેશ થતો હશે તો ભીલમાં દરેક વર્ક ઓર્ડરના નંબર/ તારીખ અથવા ડિમાન્ડ ઓર્ડરની અવેજીમાં મેળવવામાં આવેલ કામગીરી અંગેના પ્રમાણપત્રો દર્શાવીને સેવા સામગ્રીની સ્પષ્ટ વિગતો દર્શાવીને બીલો બનાવવાના રહેશે.

૨૫. પુરી પાડવામાં આવેલ સેવાઓ અંગેના બીલો ટેન્ડર મંજુર કરનાર જવાબદાર અધિકારીના નામે બનાવી ચૂંટણી અધિકારી અથવા નિવાસી અધિક કલેકટરશ્રી,દેવભૂમિ દ્વારકાને બીલ જરૂરી પ્રમાણપત્રો સાથે રજુ કરવાનુ રહેશે. તમામ બીલોની ચુકવણી "એકાઉન્ટ પે ચેક અથવા ઈ–પેમેન્ટ" થી કરવામાં આવશે.

૨૬. એજન્સી કોઇ કામગીરી કરવામાં નિષ્ફળ ગયા હોય અથવા કોઈ શરતનો ભંગ કરાયેલ હોય તો, તે અન્વયેના શિક્ષાત્મક પગલાંને આધીન તથા બીડ મંજુર કરનાર દ્વારા કરાયેલ દંડ વિગેરેની રકમ, ચુકવવાપાત્ર બીલની રકમમાંથી વસુલ કરીને ચુકવાશે અને આવા પગલા લેવા માટે બીલની ચુકવણી અટકાવવાની જરૂરીયાત જણાશે તો બીડ મંજુર કરનારને બીલની ચુકવણી અટકાવવાનો અબાધિત અધિકાર રહેશે.

૨૭. એજન્સી દ્વારાપુરી પાડવાની સેવા/જથ્થા અંગે અથવા પુરી પાડેલ આંશિક સેવા/જથ્થા અંગે, કામગીરી આખરી ન થાય ત્યાં સુધી કોઈપણ રકમ બીલ પેટે એડવાન્સ મળી શકશે નહી.

૨૮. ઉપલબ્ધ ફંડ/ગ્રાન્ટ અનુસાર બીલની ચુકવણી કરાશે. વિલંબથી ચુકવણી અંગે વ્યાજની ચુકવણી માટે માંગણી કરી શકાશે નહી કે તે માટે કોઈ પત્રવ્યવહાર કરવાનો રહેશે નહી.

૨૯. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર ભરવાપાત્ર તમામ પ્રકારના ટેક્ષGST /IT / TDS કે અન્ય ટેક્ષ ભરવાની જવાબદારી એજન્સીની રહેશે અને જે તે સમયે અમલી તમામ કાયદા અનુસાર ટેક્ષની રમ બીલમાંથી કાપીને જ બીલની રકમ ચુકવવામાં આવશે.

૩૦. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા કોઈપણ કિસ્સામાં કેન્દ્રીય રીતે કોઈ કામગીરીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવશે કે પ્રક્રિયા કરવામાં આવશે તો આ ટેન્ડર મંજુર થયેલ હશે તો આપોઆપ રદ થઈ જશે અને તે બાબતે ટેન્ડર મેળવનારને લેખીત જાણ કરવામાં આવ્યેથી આ ટેન્ડર રદ ગણવાનું રહેશે. આ બાબતે વાદવિવાદ ઉપસ્થિત કરવાનો રહેશે નહિ.

૩૧. આ કામના હુકમ/કરાર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની ગુંચ ઉદભવે તો તે અંગેની બાબત ખંભાળીયા ન્યાયાલયના કાર્યક્ષેત્ર હેઠળ નિકાલ કરી શકાશે.

૩૨. ઉપરોક્ત શરતો પૈકી કોઈ શરતમાં વધારો અથવા સુધારો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કરી શકશે જે એજન્સીએ ધ્યાને લઈ તે મુજબ કામગીરી કરી આપવાની રહેશે

(રાજેશ એમ. તન્ના)
જિલ્લા ચૂંટણી અધિકારી અને
કલેક્ટર દેવભૂમિ દ્વારકા

પ્રતિ,
પ્રોપરાઇટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા.લી.,
૯/બી, સાધના સોસાયટી, સીવીલ હોસ્પીટલ રોડ,
નડીઆદ–ખેડા–૩૮૭૦૦૧

**નકલ રવાના :–**

(૧) પ્રાંત અધિકારીશ્રી, ખંભાળીયા/ દ્વારકા
(૨) મામલતદારશ્રી, ખંભાળીયા/ભાણવડ/દ્વારકા/કલ્યાણપુર

**ફોર્મ/પરબીડીયા છાપકામ તથા ફલેક્ષ બેનર છાપકામના વર્કઓર્ડરનું જોડાણ**

**પરિશિષ્ટ– (અ)**

| Item Number | Item Title | Item Description | Item Quantity | Unit of Measure | Price of each item to be filled by Vendor |
|---|---|---|---|---|---|
| 1 | Page Size Legal | Legal Page with One side printed upto 50 copies | 1 | piece | 0.01 |
| 2 | Page Size Legal | Legal Page with One side printed between 50 to 100 copies | 1 | piece | 0.05 |
| 3 | Page Size Legal | Legal Page with One side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 4 | Page Size Legal | Legal Page with One side printed between 250 to 500 copies | 1 | piece | 0.35 |
| 5 | Page Size Legal | Legal Page with One side printed between 500 to 750 copies | 1 | piece | 0.45 |
| 6 | Page Size Legal | Legal Page with One side printed between 750 to 1000 copies | 1 | piece | 0.55 |
| 7 | Page Size Legal | Legal Page with One side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.3 |
| 8 | Page Size Legal | Legal Page with both side printed upto 50 copies | 1 | piece | 0.01 |
| 9 | Page Size Legal | Legal Page with both side printed between 50 to 100 copies | 1 | piece | 0.05 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 10 | Page Size Legal | Legal Page with both side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 11 | Page Size Legal | Legal Page with both side printed between 250 to 500 copies | 1 | piece | 0.35 |
| 12 | Page Size Legal | Legal Page with both side printed between 500 to 750 copies | 1 | piece | 0.45 |
| 13 | Page Size Legal | Legal Page with both side printed between 750 to 1000 copies | 1 | piece | 0.55 |
| 14 | Page Size Legal | Legal Page with both side printed provide. price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.3 |
| 15 | Page Size A4 | A4 Page with one side printed upto 50 copies | 1 | piece | 0.01 |
| 16 | Page Size A4 | A4 Page with one side printed betwen 50 to 100 copies | 1 | piece | 0.05 |
| 17 | Page Size A4 | A4 Page with one side printed betwen 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 18 | Page Size A4 | A4 Page with one side printed betwen 250 to 500 copies | 1 | piece | 0.35 |
| 19 | Page Size A4 | A4 Page with one side printed betwen 500 to 750 copies | 1 | piece | 0.45 |
| 20 | Page Size A4 | A4 Page with one side printed betwen 750 to 1000 copies | 1 | piece | 0.35 |
| 21 | Page Size A4 | A4 Page with one side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.1 |
| 22 | Page Size A4 | A4 Page with both side printed upto 50 copies | 1 | piece | 0.01 |
| 23 | Page Size A4 | A4 Page with both side printed between 50 to 100 copies | 1 | piece | 0.05 |
| 24 | Page Size A4 | A4 Page with both side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 25 | Page Size A4 | A4 Page with both side printed between 250 to 500 copies | 1 | piece | 0.35 |
| 26 | Page Size A4 | A4 Page with both side printed between 500 to 750 copies | 1 | piece | 0.45 |
| 27 | Page Size A4 | A4 Page with both side printed between 750 to 1000 copies | 1 | piece | 0.4 |
| 28 | Page Size A4 | A4 Page with both side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 29 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed upto 50 copies | 1 | piece | 0.25 |
| 30 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed between 50 to 100 copies | 1 | piece | 0.25 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 32 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed between 250 to 500 copies | 1 | piece | 0.25 |
| 33 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed between 500 to 750 copies | 1 | piece | 0.25 |
| 34 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed between 750 to 1000 copies | 1 | piece | 0.25 |
| 35 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with One side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 36 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with both side printed upto 50 copies | 1 | piece | 0.25 |
| 37 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with both side printed between 50 to 100 copies | 1 | piece | 0.25 |
| 38 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with both side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 39 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with both side printed between 250 to 500 copies | 1 | piece | 0.25 |
| 40 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with both side printed between 500 to 750 copies. | 1 | piece | 0.25 |
| 41 | Page Size 6.5x8.5 inch | Page 6.5x8.5 inch with both side printed between 750 to 1000 copies | 1 | piece | 0.25 |
| 42 | Page Size 6.0x8.0 inch | Page 6.5x8.5 inch with both side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 43 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed upto 50 copies | 1 | piece | 0.25 |
| 44 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed between 50 to 100 copies | 1 | piece | 0.25 |
| 45 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 46 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed between 250 to 500 copies | 1 | piece | 0.25 |
| 47 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed between 500 to 750 copies | 1 | piece | 0.25 |
| 48 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed between 750 to 1000 copies | 1 | piece | 0.25 |
| 49 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with one side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 50 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed upto 50 copies | 1 | piece | 0.25 |

Signature Not Verified
Signed by : Mr Rajesh M Tanna
Collector
Collector Office, DEVBHUMI DWARKA
Date : 2026.03.23 20:29:26 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | | |
|---|---|---|---|---|---|
| 51 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed between 50 to 100 copies | 1 | piece | 0.25 |
| 52 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 53 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed between 250 to 500 copies | 1 | piece | 0.25 |
| 54 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed between 500 to 750 copies | 1 | piece | 0.25 |
| 55 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed between 750 to 1000 copies | 1 | piece | 0.25 |
| 56 | Page Size 6.0x8.0 inch | Page 6.0x8.0 inch with both side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 57 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed upto 50 copies | 1 | piece | 0.25 |
| 58 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed between 50 to 100 copies | 1 | piece | 0.25 |
| 59 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 60 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed between 250 to 500 copies | 1 | piece | 0.25 |
| 61 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed between 500 to 750 copies | 1 | piece | 0.25 |
| 62 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed between 750 to 1000 copies | 1 | piece | 0.25 |
| 63 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with one side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 64 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed upto 50 copies | 1 | piece | 0.25 |
| 65 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed between 50 to 100 copies | 1 | piece | 0.25 |
| 66 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed between 100 to 250 copies | 1 | piece | 0.25 |
| 67 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed between 250 to 500 copies | 1 | piece | 0.25 |
| 68 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed between 500 to 750 copies | 1 | piece | 0.25 |
| 69 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed between 750 to 1000 copies | 1 | piece | 0.25 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 70 | Page Size 7.5x4.0 inch | Page 7.5x4.0 inch with both side printed provide price of every 250 copies above 1000 copies | 1 | piece | 0.25 |
| 71 | Forms Book Binding | Forms Book Binding Upto 50 copies | 1 | piece | 3 |
| 72 | Forms Book Binding | Forms Book Binding between 50 to 100 copies | 1 | piece | 3 |
| 73 | Forms Book Binding | Forms Book Binding between 100 to 250 copies | 1 | piece | 3 |
| 74 | Forms Book Binding | Forms Book Binding between 250 to 500 copies | 1 | piece | 3 |
| 75 | Forms Book Binding | Forms Book Binding between 500 to 750 copies | 1 | piece | 3 |
| 76 | Forms Book Binding | Forms Book Binding between 750 to 1000 copies | 1 | piece | 3 |
| 77 | Forms Book Binding | Forms Book Binding price for every 250 copies above 1000 copies | 1 | piece | 3 |
| 78 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch upto 50 copies | 1 | piece | 2 |
| 79 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch between 50 to 100 copies | 1 | piece | 2 |
| 80 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch between 100 to 250 copies | 1 | piece | 2 |
| 81 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch between 250 to 500 copies | 1 | piece | 4 |
| 82 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch between 500 to 750 copies | 1 | piece | 4 |
| 83 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch between 750 to 1000 copies | 1 | piece | 4 |
| 84 | Simple Envelope | Simple Envelope 18.0 inch x 12.0 inch price for every 250 copies above 1000 copies | 1 | piece | 2 |
| 85 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch upto 50 copies | 1 | piece | 1.5 |
| 86 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch between 50 to 100 copies | 1 | piece | 2 |
| 87 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch between 100 to 250 copies | 1 | piece | 2 |
| 88 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch between 250 to 500 copies | 1 | piece | 2 |
| 89 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch between 500 to 750 copies | 1 | piece | 3 |
| 90 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch between 750 to 1000 copies | 1 | piece | 3 |
| 91 | Simple Envelope | Simple Envelope 15.0 inch inch x 11.0 inch price of every 250 copies above 1000 copies | 1 | piece | 2 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 92 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch upto 50 copies | 1 | piece | 1 |
| 93 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch between 50 to 100 copies | 1 | piece | 1 |
| 94 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch between 100 to 250 copies | 1 | piece | 1 |
| 95 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch between 250 to 500 copies | 1 | piece | 2 |
| 96 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch between 500 to 750 copies | 1 | piece | 2 |
| 97 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch between 750 to 1000 copies | 1 | piece | 2 |
| 98 | Simple Envelope | Simple Envelope 12.0 inch x 10.0 inch price. for every 250 copies above 1000 copies | 1 | piece | 1.5 |
| 99 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch upto 50 copies | 1 | piece | 0.5 |
| 100 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch between 50 to 100 copies | 1 | piece | 0.5 |
| 101 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch between 100 to 250 copies | 1 | piece | 1 |
| 102 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch. between 250 to 500 copies | 1 | piece | 1 |
| 103 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch between 500 to 750 copies | 1 | piece | 1 |
| 104 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch between 750 to 1000 copies | 1 | piece | 1 |
| 105 | Simple Envelope | Simple Envelope 11.0 inch x 5.0 inch price for every 250 copies above 1000 copies | 1 | piece | 0.5 |
| 106 | Identity Card Identity Card | One Sided 3.0 inch x 4.0 inch upto 50 copies | 1 | piece | 1 |
| 107 | Identity Card Identity Card | One Sided 3.0 inch x 4.0 inch between 50 to 100 copies | 1 | piece | 1 |
| 108 | Identity Card Identity Card | One Sided 3.0 inch x 4.0 inch between 100 to 250 copies | 1 | piece | 3 |
| 109 | Identity Card Identity Card | One Sided 3.0 inch x 4.0 inch between 250 to 500 copies | 1 | piece | 3 |
| 110 | Identity Card Identity Card | One Sided 3.0 inch x 4.0 inch between 500 to 750 copies | 1 | piece | 3 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 111 | Identity Card Identity Card | One Sided 3.0 inch x 4.0 inch between 750. to 1000 copies | 1 | piece | 0.3 |
| 112 | Identity Card | One Sided 3.0 inch x 4.0 inch price for every 250 copies above 1000 copies | 1 | piece | 0.3 |
| 113 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch upto 50 copies | 1 | piece | 0.3 |
| 114 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch between 50 to 100 copies | 1 | piece | 0.3 |
| 115 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch between 100 to 250 copies | 1 | piece | 0.3 |
| 116 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch between 250 to 500 copies | 1 | piece | 0.3 |
| 117 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch between 500 to 750 copies | 1 | piece | 0.6 |
| 118 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch between 750. to 1000 copies | 1 | piece | 0.06 |
| 119 | Sign Board | One Sided 8.0 inch x 2.5 inch between price for every 250 copies above 1000 copies | 1 | piece | 0.6 |
| 120 | Flex Banner | Flex Banner Forepass price per square foot in Rupees | 1 | piece | 18 |

(રાજેશ એમ. તન્ના)
જિલ્લા ચૂંટણી અધિકારી અને
કલેક્ટર દેવભૂમિ દ્વારકા

પ્રતિ,
પ્રોપરાઇટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા.લી.,
૯/બી, સાધના સોસાયટી, સીવીલ હોસ્પીટલ રોડ,
નડીઆદ–ખેડા–૩૮૭૦૦૧

**નકલ રવાના :–**

(૧) પ્રાંત અધિકારીશ્રી, ખંભાળીયા/ દ્વારકા
(૨) મામલતદારશ્રી, ખંભાળીયા/ભાણવડ/દ્વારકા/કલ્યાણપુર

Signature Not Verified
Signed by : Mr Rajesh M Tanna
Collector
Collector Office, DEVBHUMI DWARKA
Date : 2026.03.23 20:29:26 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign